**પ્રથમ ભારત-મલેશિયા સુરક્ષા સંવાદ**

07 જાન્યુઆરી, 2025

07 જાન્યુઆરી 2025 ના રોજ પ્રથમ ભારત-મલેશિયા સુરક્ષા સંવાદની સહ-અધ્યક્ષતા ભારતના પ્રધાનમંત્રીના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલ અને મલેશિયાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના મહાનિર્દેશક રાજા દાતો નુશીરવાન બિન જૈનલ આબિદીને નવી દિલ્હી, ભારતમાં કરી હતી.

2. સુરક્ષા સંવાદ દરમિયાન બંને પક્ષોએ વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા વાતાવરણ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું અને સુરક્ષા, સંરક્ષણ અને સમુદ્રી ક્ષેત્રોમાં ચાલી રહેલ દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરી. બંને પક્ષો આતંકવાદ અને નિરંકુશીકરણનો સામનો કરવા; સાઇબર સુરક્ષા; સંરક્ષણ ઉદ્યોગ; અને સમુદ્રી સુરક્ષા માટે સહકારને ગાઢ બનાવવા માટે સંમત થયા. તેમણે મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી તત્વોમાં સહયોગ વધારવાની રીતો બાબતે પણ ચર્ચા કરી. વાર્ષિક બેઠકનું આયોજન કરીને સંવાદને સંસ્થાકીય બનાવવા માટે સંમત થયા હતા.

3. આ બેઠકનું આયોજન ઓગષ્ટ 2024 માં મલેશિયાના પ્રધાનમંત્રી મહામહિમ દાતો સેરી અનવર ઇબ્રાહિમની ભારત મુલાકાત દરમિયાન ભારતના મહામહિમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર થયું હતું. આ મુલાકાત દરમિયાન ભારત-મલેશિયા દ્વિપક્ષીય સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર સુધી ઉન્નત કરવામાં આવ્યા અને બંને નેતાઓ દ્વિપક્ષીય સુરક્ષા સહયોગ મજબૂત બનાવવા માટે સંમત થયા.

નવી દિલ્હી

07 જાન્યુઆરી, 2025